Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૨૭ ● સળંગ અંક : ૧૦૧૬ ● પ્રકાશિત તા-૩૦-૫-૨૦૨૪,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# ચૂંટણી પરિણામના ૬ મહિનાની અંદર આવશે રાજકીય ભૂકંપ : મોદી

## વંશવાદી રાજકારણ પર આધાર રાખતા ઘણા રાજકીય પક્ષો આપમેળે ખતમ થઈ જશે, જો કે પીએમ મોદી ક્યા રાજકીય ભૂકંપની વાત કરી રહ્યા હતા તે નથી કહ્યું...



કાકદ્વિપ, પીએમ નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે ૪ જૂને લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થવાના છ મહિનાની અંદર દેશની રાજનીતિમાં મોટી ઉથલપાથલ થશે. તેમણે કહ્યું કે બંગાળની મમતા બેનરજી સરકાર રાજ્યની ડેમોગ્રાફીમાં બદલાવનો પ્રયાસ કરી રહી છે. 'તમારો એક વોટ દેશની રાજકીય દિશા બદલી નાખશે. ૪ જૂન પછી આગામી ૬ મહિનામાં મોટો રાજકીય ભૂકંપ આવશે. વંશવાદી રાજકારણ પર આધાર રાખતા ઘણા રાજકીય પક્ષો આપમેળે ખતમ થઈ જશે. તેમના કાર્યકરો થાકી ગયા છે. તેઓ પોતે જાણે છે કે દેશ કઈ દિશામાં આગળ વધી રહ્યો છે અને તેમની પાર્ટીઓની સ્થિતિ શું છે. જો કે પીએમ મોદી ક્યા રાજકીય ભૂકંપની વાત કરી રહ્યા હતા તે નથી કહ્યું. પીએમ મોદીએ દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વિપમાં એક રેલીને સંબોધિત કરતા આ વાત કહી. અહીં તેમણે ત્રણ બેઠકો પરથી ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કર્યો હતો. આ દરમિયાન ડાયમંડ હાર્બર, મથુરાપુર અને જોયનગરના ભાજપના ઉમેદવારો પણ હાજર હતા. પીએમ મોદીએ કહ્યું કે મમતા સરકાર તુષ્ટિકરણની રાજનીતિ કરે છે, સંતો પર હુમલા થાય છે. આ ઉપરાંત કેન્દ્રીય યોજનાઓ પણ બંધ કરવામાં આવી રહી છે. બંગાળમાં ઘૂસણખોરી ઝડપથી વધી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે આ લોકો ઈચ્છે છે કે ઘૂસણખોરો બંગાળમાં આવીને સ્થાયી થાય. તેમણે કહ્યું કે, 'ઘૂસણખોરો બંગાળના યુવાનોના હાથમાંથી તકો છીનવી રહ્યા છે. તેઓ તમારી જમીન અને મિલકતો પર કબજો જમાવી રહ્યા છે. સમગ્ર દેશમાં આ અંગે ચિંતાનો માહોલ છે. સરહદી વિસ્તારોની વસ્તી બદલાઈ રહી છે. આખરે ટીએમસી કેમ સીએએનો વિરોધ કરે છે અને જૂઠ ફેલાવે છે? ઉલ્લેખનીય છે કે પીએમ મોદી છેલ્લા તબક્કાના પ્રચારમાં વ્યસ્ત છે. આ અંતર્ગત ૧ જૂને બંગાળની ૯ લોકસભા સીટો પર મતદાન થવાનું છે. વડાપ્રધાન મોદી કહ્યું કે, જેણે પણ અહીંના સંસાધનોને લૂંટ્યા છે તેને પરત કરવા પડશે, લૂંટનો માલ ગમે ત્યાં છુપાવે છે, મોદી એક એક પૈસો કાઢી લેશે. લૂંટારાઓ જેલમાં જશે.

JIGISHA Speciality Hospital
SINCE 1997 | COMMITED TO CARE
25+ YEARS EXPERIENCE
જીગીશા
સ્પેશ્યાલિટી હોસ્પિટલ




ડૉ. જીગ્નેશ સી. શાહ
M.D. (Gynec)
ડૉ. જીગીષા જે. શાહ
M.D., D.G.O.
ડૉ. રીયા શાહ
M.S. (Gynec), Gold Medalist
સ્વસ્થ સ્ત્રી એટલે સ્વસ્થ પરિવાર



પ્રિમિયમ રૂમ | ઓપરેશન થિયેટર | આધુનિક ફેસિલિટી | 3D-4D સોનોગ્રાફી
20,000+ દર્દીઓનો વિશ્વાસ | 10,000+ સફળ ઓપરેશન | 8000+ બાળકોની ડિલિવરી | 30+ સક્ષમ કર્મચારી
૩૦૧, શિવાલીક સ્ક્વેર, સીએનજી પંપ પાસે,
૧૩૨ફૂટ રીંગ રોડ, નવા વાડજ, અમદાવાદ-૧૩.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : 94086 54800,97230 54800

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્સ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્સ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્સ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## અમદાવાદમાં પશ્ચિમ વિસ્તારમાં મોટાભાગની

# પ્રી-સ્કૂલો, સ્કુલો અને ક્લાસીસામાં ગેરકાયદે ડોમ અને ફાયરસેફ્ટીનો અભાવ

### અનેક પ્રી-સ્કૂલો રેસિડેન્સયલ મકાનોમાં આવેલી છે પરંતુ ત્યાં બાળકોની સુરક્ષાના મામલે તકેદારીના ભાગરૂપે ફાયર સેફટીનો અભાવ, મોટાભાગની પ્રી-સ્કૂલો કોઈપણ જાતના રજીસ્ટેશન વગર જ ધમધમે છે

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : માનવહૃદય કંપાવી દે તેવી રાજકોટની ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડે સમગ્ર દેશને હચમચાવી દીધું છે! ૩૦ વધુ લોકોએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે ત્યારે સવાલ ઊભો થાય છે બેજવાબદાર,નપાવટ અને ભ્રષ્ટ તંત્રના પાપે નિર્દોષ લોકો જીવ ક્યા સુધી ગુમાવતા રહેશે ? ભૂતકાળમા બનેલી ગોજારી ઘટનાઓમાંથી સરકાર અને વહિવટી તંત્રએ બોધપાઠ લીધો હોત તો કદાચ આ ઘટના ના બની હોત પરંતુ હવે રાજ્યમાં હવે આ એક સિલસિલો બની ગયો હોય તેવી પરિસ્થિતિ ઉદ્ભવી છે તે શરમજનક છે.તાજેતરમાં નામદાર હાઈકોર્ટે પણ સ્પષ્ટ કહી દીધું કે અમને ગુજરાત સરકાર અને વહિવટી તંત્ર પર ભરોષો છે જ નહી ત્યારે હવે લોકોએ પોતાના જાનમાલની સુરક્ષા માટે સ્વયં જવાબદારી સ્વીકારીને ભ્રષ્ટતંત્રને ઉઘાડા પાડી જ્યા લોકોની સુરક્ષાના પ્રશ્ને બેદરકારીઓ કે લાપરવાહી ચાલતી હોય ત્યાં સબક શીખડાવવુ અતિઆવશ્યક બનીને રહેશે.

કોંગ્રેસના વિદ્યાર્થી નેતા ચિરાગ કલાલે જણાવ્યું હતુ કે રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં મોટાભાગના નાના ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને યુવાનો જ ભોગ બન્યા છે તે અતિદુખદ છે.સરકારે આ દુર્ઘટનામાં મોટા અધિકારીઓને બચાવવા તેઓની માત્ર બદલી કરી દીધી અને નાના અધિકારીઓને સસ્પેન્ડ કરીને સંતોષ માણી લીધો તેમ ના ચાલે ! વહીવટી તંત્રના પાપે જ અનેક પરિવારોના માળા વિખાયા છે ત્યારે જવાબદાર તમામ વિભાગના અધિકારીઓ, સતા પર બેઠેલા મનપાના પદાધિકારીઓ પર માનવવધનો ગુનો દાખલ કરવો જોઈએ. જેથી ભવિષ્યમા આવી ઘટનાઓ થતી અટકી શકશે. સરકાર દર વખતે “ઘોડા ચાલ્યા ગયા બાદ તબેલે તાળા મારવા નીકળે” તેવો ઘાટ સર્જે છે.

અમદાવાદની અનેક સ્કૂલોમાં મોતના માંચડા સમાન ગેરકાયદેસર પ્લાસ્ટિકના ડોમ ખડકેલા છે જયાં અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે ત્યાં ફાયરસેફ્ટીના નામે મીંડુ છે. વિશેષ કે જે સ્કૂલોમાં ફાયરસેફ્ટી છે ત્યાં માત્ર દેખાડા પૂરતી સિસ્ટમ ઈન્સ્ટોલ કરેલ છે એટલે કે બંધ હાલતમા છે. અનેક સ્કૂલોમાં ફાયર એનઓસી રિન્યુ કરવાનુ બાકી છે ત્યારે જીલ્લા શિક્ષણ અધિકારીએ એસી ચેમ્બરમાથી બહાર નીકળી વિદ્યાર્થીઓની સુરક્ષાના મામલે ગંભીરતા દાખવવી જોઈએ.અમારા ધ્યાને આવ્યુ છે કે તાજેતરમાં ડીઈઓએ તમામ સ્કૂલો પાસેથી આ તમામ બાબતોએ અહેવાલ મંગાવ્યો છે પરંતુ ફિલ્ડ પર અધિકારીઓને મોકલ્યા વગર પરિણામ શૂન્ય આવવાનું છે. વિદ્યાર્થી નેતાએ સ્કૂલોમાં ગેરકાયદે ડોમ અને ઈન્ફ્રાસ્ટચકર બાબતોના પુરાવાઓ આપીને ડીઈઓને ચીમકી આપતા જણાવાયું હતું કે એક દિવસમાં જો આ ડોમ તમે નહી હટાવી શકો તો અમે વિદ્યાર્થી રેડ કરી આ ગેરકાયદે ડોમ તોડી પાડીશું. જેની તમામ જવાબદારી જીલ્લા શિક્ષણ અધિકારીની રહેશે. શહેરમાં કેટલી સ્કૂલો પાસે ફાયર સેફ્ટી ઈન્સ્ટોલ છે તે માહિતી,ગેરકાયદે ડોમ અંગે અને ફાયર એનઓસી રિન્યુ કેટલી સ્કૂલોને બાકી છે તેનો વિસ્તૃત અહેવાલ મીડિયામા જાહેર કરવો જોઈએ.જેથી વિદ્યાર્થીઓના વાલીઓને ખ્યાલ પડે કે અમે તમામ પ્રકારની ફી ભરીને બાળકને અભ્યાસ અર્થે સ્કૂલમાં મોકલીયે તેમાં મારા બાળકની જીવની સુરક્ષા મામલે તકેદારી લેવાય છે કે કેમ !

વધુમાં તેઓએ જણાવ્યું હતું અમદાવાદમાં એમાંય ખાસ કરીને પશ્ચિમના વિસ્તારોમાં કોમર્શિયલ કોમ્પલેક્ષો, સોસાયટીઓ અને એપાર્ટમેન્ટમાં ક્લાસીસો અને પ્રી-સ્કૂલો આવેલી છે ત્યારે મોટાભાગની પ્રી-સ્કૂલોએ કોમર્સિયલ એપાર્ટમેન્ટ અને મકાનોની અગાસીના ભાગે પ્લાસ્ટિકના ગેરકાયદે ડોમમા ઊભી કરેલી હોય છે ત્યારે નાના ભુલકાઓની સુરક્ષાના પર અનેક સવાલ ઉભા થાય છે.અનેક પ્રી-સ્કૂલો રેસિડેન્સયલ મકાનોમાં આવેલી છે પરંતુ ત્યાં બાળકોની સુરક્ષાના મામલે તકેદારીના ભાગરૂપે ફાયર સેફટીનો અભાવ જોવા મળે છે.મોટાભાગની પ્રી-સ્કૂલો કોઈપણ જાતના રજીસ્ટેશન વગર જ ધમધમે છે જેથી તંત્ર પાસે આ સ્કૂલો અંગેની સચોટ માહિતી પણ નહી હોય.આ નાના ભૂલકાઓની ઉંમર ૩-૬ વર્ષ હોય ત્યારે વહીવટી તંત્રએ અમદાવાદ શહેરમાં આવેલી તમામ પ્રી-સ્કૂલોનુ રેજિસ્ટ્રેશન ફરજિયાત કરી એક એસઓપી બનાવ્યા બાદ જ ચાલુ કરવા આદેશ આપવો જોઈએ.

વિદ્યાર્થી નેતા અને કોંગ્રેસના અગ્રણી ચિરાગ કલાલે અંતમાં જણાવ્યુ હતું કે અમારો ઈરાદો સ્કૂલ-ક્લાસિસ સંચાલકોને હેરાન કરવાનો નથી પરંતુ વિદ્યાર્થીઓની જીવની સુરક્ષા એ અમારા માટે પ્રથમ પ્રાથમિકતા છે જેથી તંત્રા આ બાબતે ગંભીરતા નહી લે તો અમે ગેરકાયદે દબાણ દૂર કરીશું અને હલ્લાબોલ પણ કરીશુ. તેઓએ અમદાવાદના વિદ્યાર્થીઓ અને તેના વાલીઓને અપીલ કરી હતી કે કોઈ સ્કૂલ કે ક્લાસીસમા ફાયર સેફ્ટીનો અભાવ હોય, ફાયર સિસ્ટમ બંધ હોય,પ્લાસ્ટિકના ગેરકાયદે ડોમમાં અભ્યાસ કરાવતા હોય તો સ્થાનિક તંત્રાને ફોટો,વીડિયો મોકલો અને ફરિયાદ કરો, અમે તંત્રાને ધ્યાન દોરીશુ એવું તેઓએ જણાવ્યું હતું.

શું આપ આપના બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪,
મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

### હાઉસીંગ અધિકારીઓ અને બિલ્ડરોને પરેશાન કરતી

# નારણપુરામાં હાઉસીંગ રિડેવલપમેન્ટમાં ઠગ ટોળકીઓ સક્રિય...!!

**આવ તત્વો સોસાયટીમાં મોકાના મકાનો ખરીદી લે છે અને જ્યારે રિડેવલપમેન્ટમાં ટેન્ડર ખૂલે અને ડેવલપર આવે એટલે આવા લેભાગુ તત્વો બિલ્ડરનો તોડ કરવાના આશયથી સોસાયટીના સ્થાનિક ભોળા લોકોને ખોટા વચનો કે ડર બતાવી રિડેવલપમેન્ટ કાર્યને અટકાવે છે...**

અમદાવાદ : ગુજરાતમાં અને એમાંય ખાસ કરીને માત્ર અમદાવાદમાં રિડેવલપમેન્ટના કાર્યમાં ખાસ્સી એવી તેજી આવી છે, છેલ્લાં કેટલાંક સમયથી નારણપુરા અને સોલા વિસ્તારમાં આવેલ હાઉસીંગ બોર્ડની અનેક સોસાયટીઓ પણ સરકારની રિડેવલપમેન્ટ પોલીસીમાં જોડાઈ ચુકી છે જયારે અનેક સોસાયટીઓના કામકાજ પાઈપલાઈનમાં હોવાનું જાણવા મળ્યું છે ત્યારે કેટલાંક લેભાગુ તત્વો આ રિડેવલપમેન્ટમાં મોટો માલ કમાવવાની આશાએ સોસાયટીના રિડેવલપમેન્ટના કામમાં રોડા નાંખી યેનકેન પ્રકારે અટકાવવાના પ્રયાસ કરતા હોવાની ચર્ચા ઉઠી છે.

એક ચર્ચા મુજબ નારણપુરામાં પાંચ થી વધુ સોસાયટીઓ રિડેવપમેન્ટમાં જોડાઈને ડીમોલીશ થઈ ચુકી છે, જયારે ચાર થી પાંચ જેટલી સોસાયટીઓ ત્રિપક્ષીય કરારના અંતિમ તબક્કામાં છે, જયારે બીજી અનેક સોસાયટીઓમાં સહમતિની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે નારણપુરામાં બે-ચાર સોસાયટીઓમાં કેટલાંક લેભાગુ તત્વોએ પગપેસારો કરીને રિડેવલપમેન્ટમાં મોટો મામલ કમાવવાની આશાએ જયાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે ત્યાં મોકાના મકાનો ખરીદી લે છે અને જયારે રિડેવલપમેન્ટમાં ટેન્ડર ખૂલે અને ડેવલપર આવે એટલે આવા લેભાગુ તત્વો સોસાયટીના સ્થાનિક ભોળા લોકોને ખોટા વચનો કે ડર બતાવી કાગળિયાંની સાચી ખોટી માયાજાળ રચી પ્રોજેક્ટને ખોરંભે ચડાવવાનો પ્રયત્ન કરતા હોવાની ચર્ચા ઉઠી છે.

એક સ્થાનિકની ફરિયાદ મુજબ આવા લેભાગુ તત્વો કે જેમનો મૂળ ઉદ્દેશ્ય હાઉસીંગના અધિકારીઓને નોકરી બાબતે ડરાવવા અને બિલ્ડરને પ્રોજેક્ટ ડીલેય કરાવવાની મોડેસ ઓપરેન્ડીશ કરી તોડપાની કરી મસમોટા રૂપિયા પડાવવાનો હોય છે અને આવા રૂપિયા થકી આવી બીજી સોસાયટીમાં મકાનો ખરીદી આ જ પ્રકારની મોડસ આપરેન્ડીશ મુજબ નવી સોસાયટીમાં પ્રેક્ટિસ ચાલુ રાખવી.જયારે વાતાવરણ ડોહળાય ત્યારબાદ તે ગેંગના જ કોઈ એક બે સભ્ય સમાધાન ફોર્મ્યુલા સાથે આગળ આવે અને પ્રોજેક્ટને સફળ બનાવવાની અને વિરોધી ટોળકીને સમજાવવાની વગેરે મીઠી મીઠી વાતો કરી યોજનાને આખરી ઓપ અપાય તેવી વ્યૂહ રચના ગોઠવે છે.

તમને જણાવી દઈએ કે ૩૦૦ લોકોની સોસાયટીમાં આવા બે-ચાર લેભાગુ તત્વોને કારણે રિડેવલપમેન્ટ પ્રોજેકેટ લંબાઈ જાય છે જેને કારણે આખરે સ્થાનિક અને નિર્દોષ પ્રજાએ આખરે ભોગવવાનું આવે છે જેથી સૌ લોકોએ આવા લેભાગું તત્વોને ઓળખી કાઢી, આવા લોકોને જાહેરમાં ઉઘાડા પાડવા જોઈયે. આવા તત્વોને મહત્વ મળે નહિ તો તેઓ ૨૫% માં આવી જશે અને કાયદાનો સરકારી કોરડો જરુર પડશે.હાઉસીંગ બોર્ડે પણ આવા તત્વોને અલગ તારવીને આવા લોકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.

### આ જગ્યાઓ પર થશે રેગ્યુલર ચેકિંગ

# રાજકોટ અગ્નિકાંડ બાદ અમદાવાદ AMC કમિશનરે કરી જાહેર SOP

અમદાવાદ : રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ અમદાવાદ મહાનગર પાલિકા સફાળી જાગી છે. AMC કમિશ્નરે બાંધકામ ફાયર સેફ્ટી મુદ્દે એક SOP જાહેર કરી છે. મ્યુનિસિપલ કમિશ્નરે જાહેર કરેલી SOP પ્રમાણે હવેથી શહેરના તમામ ગેમઝોન,થિએટર અને ટ્યુશન ક્લાસીસમાં રેગ્યુલર ચેકિંગ થશે. મોલ અને હોટેલ જેવી ભીડભાડ વાળી જગ્યા પર ચેકિંગ કરવામાં આવશે. દર ૩ મહિને નવી BU મેળવેલી બાંધકામની ચકાસણી કરાશે. પ્લાન પાસ પ્રમાણે બાંધકામ છે કે નહીં તેની તપાસ થશે, વોર્ડ ઈન્સપેક્ટર ડેપ્યુટી TDOને કામગીરીનો રિપોર્ટ કરશે. ડેપ્યુટી TDO સમગ્ર મામલે ડેપ્યુટી કમિશનરને રિપોર્ટ કરશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ રાજય સરકારની સૂચના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારેસન દ્વારા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરીને હોસ્પિટલ, ટ્યુશન ક્લાસ, શાળા, મોલ મલ્ટિપ્લેક્સ કોમ્યુનિટી હોલ થિયેટર ફૂડ કોર્ટ રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ ચેકિંગ કરવાની ફાયર વિભાગ અને એસ્ટેટ વિભાગની સંયુક્ત ટીમો બનાવવાની સૂચના આપી હતી. અમદાવાદની તમામ સ્કૂલોમાં ત્રણ દિવસથી ફાયર સેફ્ટી અને NOC બાબતે તપાસ ચાલી રહી છે. સ્કૂલોમાં છાપરા હોય અથવા તો BU પરમિશન કરતા વધુ બાંધકામ કર્યું હોય કે, જેનાથી વિદ્યાર્થીઓને જોખમ રહેલું હોય તો તે અંગે સ્કૂલ પાસે ખુલાસો માંગી કાર્યવાહી કરવામાં આવશે.

આ કાર્યવાહીના પગલે હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાયર બ્રિગેડ અને એસ્ટેટ વિભાગની સંયુક્ત ટીમો બનાવી શહેરમાં તમામ એકમોમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ફાયર વિભાગની ટીમ દ્વારા ફાયર NOC લેવામાં આવી છે કે, કેમ તે અંગેની ચકાસણી કરવામાં આવશે જો ફાયર NOC લેવાની થતી નથી તો ફાયરના સાધનો અથવા સિસ્ટમ લગાવી છે કે નહીં તેની તપાસ કરવામાં આવી છે. જો કોઈપણ હોસ્પિટલ દ્વારા બી યુ પરમિશન લીધા વિના અથવા પ્લાન પાસ વિના તેમજ ફાયર NOC વગર ચાલતી હશે તો તેને નોટિસ આપવાની અને સીલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.

# અમદાવાદમાં રથયાત્રાને લઈ પોલીસ સતર્ક, હોટલ, ગેસ્ટ હાઉસમાં કરાયું ચેકિંગ

અમદાવાદ : અમદાવાદમાં આગામી સમયમાં યોજાનાર રથયાત્રાની સુરક્ષાને લઈને પોલીસની કવાયત હાથ ધરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે વિવિધ હોટલ, ગેસ્ટ હાઉસમાં ચેકિંગ હાથ ધર્યુ. રથયાત્રા પહેલા અને રથયાત્રા દરમિયાન કોઈ શંકાસ્પદ વ્યક્તિ શહેરમાં પ્રવેશે નહીં તે માટે પોલીસ સતર્ક થઈ છે. વિદેશી નાગરિકો રોકાણ કરે ત્યારે C ફોર્મ ભરવામાં આવે છે કે નહીં તેની ચકાસણી પણ કરવામાં આવી રહી છે.

પોલીસ દ્વારા હોટલ માલિકોને રથયાત્રાને લઈ સૂચના આપી એલર્ટ કરવામાં આવ્યા છે. અને માલિકોને સ્પષ્ટ સૂચના આપી દેવાઈ છે કે જો કોઈ પણ વ્યક્તિ શંકાસ્પદ લાગે તો તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવે તે જરૂરી છે. અમદાવાદના શહેરમાં નીકળનારી રથયાત્રા પોલીસ માટે ખાસ કરીને સૌથી મોટો પડકાર હોય છે.

સમગ્ર શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિને રોકવા અને કોઈપણ પ્રકારનો અનિચ્છિનિય બનાવ ન બને તે માટે ક્રાઈમ બ્રાન્ચ એલર્ટ છે. રથયાત્રા પૂર્વે શહેરના સંવેદનશીલ વિસ્તાર સહિત ૨૧ કિલોમીટરના રૂટ પર CCTV લગવાવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. વેપારીઓને પણ નિર્દેશ આપી દેવામાં આવ્યો છે કે સીસીટીવી દુકાનમાં લગાવવામાં આવે. આ ઉપરાંત, આ વર્ષે રથયાત્રાને લઈને શહેરમાં હાઈ એલર્ટ છે. એટલું જ નહીં, સુરક્ષાની દ્રષ્ટિ કોઈપણ પ્રકારની ચૂક ન રહી જાય તે પ્રમાણે કામ કરવામાં આવી રહ્યું છે.

આ યાત્રા દરમ્યાન ઘટના ન બને તે માટે અગાઉ થી પોલીસ દ્વારા તૈયારી સાથે તમામ એજન્સીને એલર્ટ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો શહેરના અલગ અલગ વિસ્તારોમાં તપાસ કરી રહી છે.

# અમદાવાદના આ વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચે દરોડા પાડીને દારૂનું કટિંગ ઝડપી પાડ્યું, ૨ આરોપીઓ ઝડપાયા

અમદાવાદ : અમદાવાદ શહેરમાંથી ફરી એક વાર દારૂનું કટિંગ ઝડપાયું છે.ક્રાઈમબ્રાંચે લાખોના દારૂના જથ્થા સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. શહેરના વચ્ચોવચ આવેલા ભરચક વિસ્તારમાં દારૂનું કટીંગ અને સ્ટોક મળી આવ્યા છે. PCBએ તાજેતરમાં કાલુપર જેવા ભરચક વિસ્તારમાં દારૂની ગાડી પકડાઈ જેમાં લકઝરી કારનો ઉપયોગ થયો ત્યારે હવે શાહપૂર વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચે દરોડા કરીને સ્થાનિક પોલીસની બુટલેગર માટેની નિષ્ક્રિયતા સાબિત કરી દીધી છે. અમદાવાદના શાહપુરમાં હવે ૩,૩૨૫ બોટલ પકડાતા સ્થાનિક પોલીસ શંકાના દાયરમાં આવી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ સ્થાનિક પોલીસના નાક નીચેથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે શાહપુરના લિસ્ટેડ બુટલેગર રાજેશ ઉર્ફે લાલા ચુનારાના મકાનમાં દરોડા કર્યા હતા, ત્યારે દરોડા દરમિયાન મોટી માત્રામાં દારૂ મળ્યો હતો. આ ઉપરાંત જીવણ કમળશીની પોળ સામે આવેલા મેટ્રો સ્ટેશન પાસેથી લોડીંગ રીક્ષામાંથી પણ ઇંગ્લિશ દારૂના જથ્થા સાથે કિરીટ શાહ અને સુનીલ વાઘેલા નામના બે આરોપીની ધરપકડ કરી છે. આ ઉપરાંત મકાનમાંથી મળેલા દારૂ મામલે રાજેશ રાજપૂત અને પારસ જૈન ફરાર થઈ ગયા હતા. જેને પકડવા પોલીસે તપાસ શરૂ કરી છે.

રાજેશ લિસ્ટેડ બુટલેગર છે. રાજેશ વિરુદ્ધમાં ૫થી વધુ ગુના નોંધાયેલા છે, ત્યારે આ વખતે પોલીસે ૩૨૫૨ દારૂની બોટલ કબ્જે કરી છે. જેની કિંમત ૪.૦૪ લાખ રૂપિયા છે. આ ઉપરાંત લોડીંગ રીક્ષા કબ્જે કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે દારૂ સહિત કુલ ૫ લાખથી વધુ કિંમતના મુદ્દામાલ સાથે આરોપીઓની ધરપકડ કરી છે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

## પોલીસને પણ પરિવાર છે, બાળકો છે, કેવી કરી પહેલ એ પણ જાણો

# અમદાવાદ શહેર પોલીસ દ્વારા પોલીસકર્મીના બાળકો માટે સમર કેમ્પ






અમદાવાદ : ઉનાળાના વેકેશન દરમિયાન લાંબી રજાઓ દરમિયાન પોલીસ લાઈનમાં વસવાટ કરતા લાઈન બોયના માનસમાં સકારાત્મક ક્રિએટિવિટીનો વિકાસ થાય અને લાઈન બોયની છાપ સુધરે. આ ઉપરાંત, પોલીસ લાઈનમાં વસતા બાળકોમાં સકારાત્મક પ્રવૃત્તિનો વિકાસ થાય, એવા શુભ આશયથી અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક દ્વારા નવતર પહેલ કરવામાં આવી હતી.


અમદાવાદ શહેર પોલીસ દ્વારા સેવાકીય સંસ્થા કોફી વિથ ક્રિએટિવિટીના સહયોગથી શરૂ કરવામાં આવેલ આ સમર કેમ્પમાં બાળકોને પેઈન્ટિંગ, કેલીગ્રાફી, કરાટે, ડાન્સ, ચેસ, મહેંદી, વિગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.જેનાથી બાળકોમાં સ્વયમ શિસ્ત, સ્વનિર્ભરતા, ક્રિએટિવિટી અને સર્વાંગી વિકાસના ગુણો પણ વિકસિત થાય છે.અમદાવાદ શહેર ઈન્ચાર્જ અધિક પોલીસ કમિશનર સેકટર-૨ નીરજ બડગુજર, નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૬ રવિ મોહન સૈની, જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ઝોન ૦૬ વિસ્તારમાં દાણીલીમડા ખાતે આવેલ આંબેડકર હોલ, મણિનગર એફ કોલોની, વટવા પોલીસ સ્ટેશન ખાતે જુદા જુદા ત્રણ સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં આશરે ૧૨૫ જેટલા પોલીસ લાઈનમાં વસતા બાળકો દ્વારા લાભ લેવામાં આવી રહ્યો છે.

અમદાવાદ શહેર ખાતે પોલીસ લાઈનમાં વસવાટ કરતા બાળકો માટેના આ સમર કેમ્પ સફળ કરવા માટે દાણીલીમડા પીઆઈ જી.જે.રાવત, ઈસનપુર પીઆઈ બી.એસ.જાડેજા, વટવા પીઆઈ કુલદીપ ગઢવી, લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એમ.આર. બ્રહ્મભટ્ટ, she team ના સભ્યો અને સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ છે. આ સમર કેમ્પમાં સંસ્થાના નીરવભાઈ શાહ,અર્પિતાબેન છત્રપતિ, શ્રુતિબેન આલમલ, સહિતના ઈન્સ્ટ્રકટર દ્વારા માનદ સેવા આપી, બાળકોના સર્વાંગી વિકાસ માટે ફાળો આપેલ છે.

આજ રોજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, ઈન્ચાર્જ અધિક પોલીસ કમિશનર સેકટર-૨ નીરજ બડગુજર, ડીસીપી ઝોન ૬ રવિ મોહન સૈની સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા સમર કેમ્પની વિજીટ કરી, પોલીસ પરીવારના બાળકો તથા તેના માતાપિતા અને માનદ સેવા આપતા ઈન્સ્ટ્રકટરને મળી, પોલીસ પરિવાર દ્વારા આયોજિત સમર કેમ્પમાં કરવામાં આવતી પ્રવૃતીની સમીક્ષા કરી, અમદાવાદ શહેર પોલીસની કામગીરીની સરાહના કરી, બિરદાવવામાં આવેલ હતી.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**






Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.